## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબા-તરસાડીના રાજમાર્ગ પર તાજીયાનાં જુલૂસ પર્વે મુસ્લિમ બિરાદરો ઊમટ્યા


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કરબલાના શહીદોની યાદમાં મોહરમ નિમિત્તે કોસંબા અને તરસાડીના રાજમાર્ગો પરથી તાજીયાનાં જુલૂસ કાઢવામાં આવ્યાં હતાં. તરસાડીના દાદરી ચીશ્તીનગર અને જૂના કોસંબાના ઇન્દિરા નગર સહિતના વિસ્તારોમાંથી નીકળેલા કલાત્મક તાજીયાઓને નિહાળવા મોટી સંખ્યામાં જનમેદની ઊમટી પડી હતી. લોખંડી પોલીસ બંદોબસ્ત હોવા છતાં ભારે ભીડ અને વાહનોના કારણે મુખ્ય માર્ગ પર એક તબક્કે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. જોસકે, ટ્રાફિક હળવો કરવા અને જુલૂસને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે પોલીસ કાફલાએ ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

### માંડવીમાં તાજીયાનું જુલૂસ કાઢવામાં આવ્યું


હિતેશ પટેલ

માંડવી: મક્કા-મદીના ખાતે કરબલાના મેદાનમાં શહીદી વહોરનારા ઇમામ હુસૈનની યાદમાં માંડવી નગરમાં વર્ષોની પરંપરા મુજબ મોહરમ નિમિત્તે શાંતિપૂર્ણ માહોલમાં તાજીયાનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. આ પર્વ નિમિત્તે નગરના માર્કેટ ફળિયા, બાવાગઢનો ટેકરો, ગાંધી ફળિયા અને નવી નગરી ખાતે આકર્ષક તાજીયા બનાવીને મૂકવામાં આવ્યા હતા. આ તમામ તાજીયાનું ભવ્ય જુલૂસ સમગ્ર માંડવી નગરમાં ફેરવવામાં આવ્યું હતું. ત્યાંથી તેને તાપી નદીના કિનારે લઈ જવામાં આવ્યા બાદ, પરત માર્કેટ ફળિયા ખાતે લાવીને વિધિવત રીતે ઠંડા કરવામાં આવ્યા હતા. આ જુલુસ દરમિયાન મુસ્લિમ બિરાદરોએ પરંપરાગત કરતબો અને હેરતઅંગેજ શૌર્ય પ્રદર્શિત કર્યા હતા, જેમાં મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. મોહરમ નિમિત્તે ઠેર-ઠેર નિયાજ તેમજ શરબતનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### રાજપીપળા ખાતે મોહરમ પર્વે તાજીયા નીકળ્યા


દીપલ સોની

રાજપીપળા: રાજપીપળા ખાતે પણ મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમ પર્વે કરબલાના મેદાનમાં હઝરત ઈમામ હુસૈન અને તેમના 72 સાથીએ સત્ય અને ઇન્સાફ માટે આપેલી શહાદતની યાદમાં તાજીયા કાઢવામાં આવ્યા હતા. રાજપીપળાના દરબાર રોડ, આરબ ટેકરા, જાનિપાયગા સહિતના મુસ્લિમ વિસ્તારોમાંથી ભવ્ય તાજીયા જુલૂસ નીકળ્યાં હતાં. તાજીયા બનાવવામાં કલાકારોએ અદભૂત કસબ બતાવ્યો હતો. રાત્રે તાજીયા વિસર્જન માટે નદી કિનારે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા.

### ભરૂચ શહેરમાં મોહરમ પર્વે તાજીયાનાં જુલૂસ વેળા કોમી એકતાનો સંદેશ



ભરૂચ: મોહરમ પર્વની પૂર્વ રાત્રિએ ભરૂચ શહેરના કતોપોર બજાર વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં ભવ્ય તાજીયા જુલૂસ નીકળ્યાં હતાં. વિવિધ વિસ્તારોમાંથી તૈયાર કરાયેલા આકર્ષક કારીગરી ધરાવતા તાજીયાઓને નિહાળવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા. કતોપોર બજારમાં ધાર્મિક આસ્થા સાથે કોમી એકતાનાં અદભૂત દૃશ્યો જોવા મળ્યાં હતાં. જુલુસ માર્ગ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### ઝંખવાવ ખાતે તાજીયાનું જુલૂસ નીકળ્યું


વિનોદ મૈસુરીયા

વાંકલ: ઝંખવાવ ખાતે હઝરત ઇમામ હુસેનની શહાદતની યાદમાં પરંપરાગત રીતે તાજીયાનું જુલૂસ કાઢવામાં આવ્યું હતું. આ જુલૂસ મામા ફળિયા, બજાર વિસ્તારમાં ફરી ફાટક સુધી ફેરવવામાં આવ્યું હતું. જે સમગ્ર વિસ્તારમાં શાંતિ, એકતા અને ભાઈચારાના વાતાવરણ વચ્ચે ખૂબ જ સાદગીપૂર્વક સંપન્ન થયું હતું.

### બારડોલીમાં ગાયત્રી પ્રજ્ઞા મંદિરનો પાટોત્સવ ઉજવાયો



બારડોલી: અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, ગાયત્રી તીર્થ શાંતિકુંજ હરિદ્વાર અને ગાયત્રી તપોભૂમિ મથુરા દ્વારા પ્રેરિત બારડોલીના જે.પી.નગર સ્થિત ગાયત્રી પ્રજ્ઞા મંદિરના 26મા પ્રાણપ્રતિષ્ઠા દિવસની બુધવારના રોજ 5 કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 8:30 કલાકે પ્રથમ ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં ગાયત્રી માતાજીનું પૂજન અભિષેક, યજ્ઞેશ પટેલ અને તેમનાં પત્ની દ્વારા કરવામાં આવ્યું હતું. 5 કુંડી ગાયત્રી મહાયજ્ઞનું સંચાલન ગાયત્રી પ્રજ્ઞા મંદિર બારડોલીનાં પરિજનો શાન્તાબેન પટેલ, વિનોદભાઈ પટેલ, જયેશભાઈ પટેલ તથા રામેશ્વરદાસ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

### માંગરોળ અને વાંકલમાં શાળા પ્રવેશોત્સવ


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળની આંબાવાડી પ્રાથમિક શાળા અને વાંકલની હાઈસ્કૂલમાં કલેક્ટર તેજસ પરમારની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કુલ ૧૦૬૯ ભૂલકાં અને વિદ્યાર્થીઓએ શૈક્ષણિક નવજીવનનાં શ્રીગણેશ કર્યાં હતાં. માંગરોળની આંબાવાડી પ્રાથમિક શાળા ખાતે આંગણવાડીમાં ૩ અને બાળવાટિકામાં ૨૦ એમ કુલ ૨૩ ભૂલકાંને કુમકુમ તિલક કરાવી, પુસ્તક અને શૈક્ષણિક કિટ અર્પણ કરી શાળામાં પ્રવેશ કરાવાયો હતો. જ્યારે વાંકલની શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલમાં ધોરણ-૯માં ૩૯૦ અને ધોરણ-૧૧માં ૬૫૬ એમ કુલ ૧૦૪૬ વિદ્યાર્થીનો ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

# ભરૂચમાં વરસાદનો દુષ્કાળ

**જૂનના** અંત સુધી વરસાદ ન પડતાં ત્રણ ડેમમાં પાણીનું સ્તર ઘટ્યું

**3600** હેક્ટરથી વધુ ખેતીને સિંચાઈનું પાણી મળવામાં મુશ્કેલીની ભીતિ



ભરૂચ: ભરૂચ જિલ્લામાં આ વર્ષે જૂન માસ પૂરો થવા આવ્યો છતાં હજુ સુધી વરસાદનું એકપણ ટીપું વરસ્યું નથી. ગત વર્ષે 2025માં જૂન માસમાં જ 30.52 ટકા વરસાદ નોંધાયો હતો, જેના કારણે જિલ્લાની નદીઓ ઉભરાઈ ગઈ હતી. પરંતુ આ વખતે વરસાદનો અભાવ જિલ્લાના જળાશયો અને ખેડૂતો માટે ગંભીર ચિંતાનું કારણ બન્યો છે.

વરસાદ ન પડતાં ભરૂચ જિલ્લાના ત્રણ મુખ્ય ડેમોમાં પાણીનો પ્રવાહ ઘટી ગયો છે. પીંગુટ ડેમમાં ખાલી 4 ટકા જ પાણીનો સંગ્રહ થયેલો છે, જે ડેમ લગભગ તળિયે પહોંચી ગયો છે. બલદેવા ડેમમાં 20 ટકા અને ધોલી ડેમમાં 42 ટકા પાણીનો સંગ્રહ થયો છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આવનારા દિવસોમાં જો વરસાદ નહીં પડે તો પીંગુટ અને બલદેવા ડેમ સંપૂર્ણપણે ખાલી થવાની આશંકા છે.

ડેમોમાં પાણીના ઘટતા સ્તરની સીધી અસર ખેતી પર થવાની છે. પીંગુટ ડેમના 7 ગામોની 1406 હેક્ટર જમીન અને બલદેવા ડેમનાં 9 કાર્યક્ષેત્રનાં ગામોની 2260 હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી ન મળવાની શક્યતા દેખાઈ રહી છે. આ સ્થિતિએ ખેડૂતોમાં ભારે નિરાશા ફેલાવી છે અને તેઓ મેઘરાજાની આરાધના કરી રહ્યા છે. એકમાત્ર ધોલી ડેમમાં 42 ટકા પાણી હોવાથી આ વર્ષે ત્યાંથી પાણી પૂરતું મળી શકે તેમ છે, પરંતુ જો સમયસર વરસાદ નહીં આવે તો ત્યાં પણ ભવિષ્યમાં પાણીની તંગી સર્જાઈ શકે છે. જિલ્લા વહીવટી તંત્ર યથાસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

**વરસાદનો આંકડો (તુલનાત્મક)**

2025 (જૂન): 30.52% વરસાદ
2026 (જૂન): 0% વરસાદ (હજુ સુધી)

**ડેમોની સ્થિતિ**

પીંગુટ ડેમ: 4% પાણી
બલદેવા ડેમ: 20% પાણી
ધોલી ડેમ: 42% પાણી

# 10 વર્ષની દીકરીનો વિડીયો ઉતારવાનું ના કહેતાં પિતા પર લાકડી વડે હુમલો

**જંબુસરનો** બનાવ, પડોશીએ લાકડાના ડંડાથી ફટકારી ધમકી આપી

ભરૂચ: જંબુસરના મગણાદ ગામે પડોશીએ ૧૦ વર્ષીય નાની દીકરીનો મોબાઈલમાં વિડીયો બનાવ્યો હતો. આ બાબતે પિતાએ વાંધો ઉઠાવતાં આરોપીએ મારામારી કરી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

મગણાદ ગામના વેપારી કૃષ્ણકાન્ત ઠક્કરની દીકરી તા.25મી જૂને સાંજે સાત વાગ્યાના અરસામાં ફળિયામાં રમી રહી હતી. એ સમયે પડોશી પંકજભાઈ હરિભાઈ પટેલે તેમના મોબાઈલમાં દીકરીનો વિડીયો ઉતાર્યો હતો.

દીકરીએ ઘરે આવી આ વાત પિતાને કરી હતી. બાદ તેઓએ પોતાના કાકા જયેશભાઈ ઠક્કરને આ અંગે જણાવ્યું હતું. રાત્રે લગભગ સાડા દસ વાગ્યે ફરિયાદી પોતાની દીકરી સાથે આરોપીને સમજાવવા તેના ઘરે ગયા હતા. તેઓ ઘરે પહોંચતાં જ પંકજ પટેલે ફરિયાદી સાથે ગાળાગાળી શરૂ કરી અને કહ્યું કે ‘હું વિડીયો તો ઉતારીશ જ, તારાથી જે થાય તે કરી લે.’

એટલું કહીને તે ઘરમાંથી લાકડાનો ડંડો લઈ આવ્યો અને ફરિયાદીના માથાના કપાળના ભાગે મારતાં લોહી નીકળવા લાગ્યું હતું. આ સમયે તેઓના કાકા જયેશભાઈ ત્યાં આવી પહોંચ્યા અને વચ્ચે પડીને ફરિયાદીને વધુ મારામારીથી બચાવ્યા હતા.

આરોપી જતાં જતાં ધમકી આપી ગયો કે, ‘આજે તારા કાકા વચ્ચે પડ્યા એટલે બચી ગયો. રસ્તામાં મળીશ તો તને પૂરો કરી દઈશ.’

ઈજાગ્રસ્તને જંબુસર રેફરલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા. ઈજાગ્રસ્તે જંબુસર પોલીસમાં પંકજ પટેલ સામે મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# માનવ-દીપડાનો સંઘર્ષ રોકવા માંડવીનાં જંગલમાં હરણ છોડાયાં

**વન** વિભાગનો નિર્ણય, સાસણથી ૩ તબક્કામાં ૫૦ હરણ લાવી મુક્ત કરવામાં આવ્યાં


હિતેશ પટેલ

માંડવી: માંડવી વન વિભાગ દ્વારા જંગલની ઈકો-સિસ્ટમ સુધારવા અને માનવ-વન્યજીવ સંઘર્ષને નાથવા માટે એક મહત્ત્વપૂર્ણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. માંડવીના જંગલોમાં વન્યજીવો વચ્ચે આહાર શ્રૃંખલાનું સંતુલન જાળવવાના ભાગરૂપે વિશ્વપ્રસિદ્ધ સાસણગીરથી કુલ 50 જેટલા ટપકાંવાળા નર અને માદા હરણ લાવવામાં આવ્યાં છે. વન વિભાગ દ્વારા ખૂબ જ આયોજનબદ્ધ રીતે આ હરણોને એકસાથે લાવવાને બદલે દર 15-15 દિવસના અંતરે ત્રણ અલગ-અલગ તબક્કામાં લાવવામાં આવ્યા હતા અને તેમને જંગલની અલગ-અલગ રેન્જમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યાં છે, જેમાં ઉત્તર રેંજમાં પ્રથમ તબક્કામાં 21 અને બીજા તબક્કામાં 13 મળી કુલ 34 હરણ છોડવામાં આવ્યાં છે, જ્યારે દક્ષિણ રેન્જમાં 16 જેટલાં હરણો મુક્ત કરવામાં આવ્યાં છે.

આ નવતર પ્રયોગ પાછળનું મુખ્ય કારણ માંડવીના જંગલમાં સતત વધી રહેલી દીપડાઓની વસતી છે. હાલ આ જંગલ વિસ્તારમાં દીપડાઓની સંખ્યા વધીને 100થી વધુ થઈ ગઈ છે, જેની સામે તેમનો મુખ્ય ખોરાક ગણાતા શાકાહારી પ્રાણીઓની સંખ્યા ખૂબ ઓછી હતી. જંગલની અંદર પૂરતો શિકાર ન મળવાના કારણે દીપડાઓ ખોરાકની શોધમાં જંગલ છોડીને બહાર આવી રહ્યાં હતાં. જેના લીધે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં માનવીઓ પર દીપડાના હુમલાની ઘટનાઓ વધી ગઈ હતી. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલરૂપે દીપડાઓને જંગલની અંદર જ પૂરતા પ્રમાણમાં કુદરતી ખોરાક મળી રહે અને શાકાહારી-માંસાહારી પ્રાણીઓ વચ્ચે સંતુલન જળવાય તેવા હેતુથી વન વિભાગે આ હરણો જંગલમાં છોડ્યાં છે. આ વૈજ્ઞાનિક અભિગમથી દીપડાઓ વસાહતો તરફ જતા અટકશે અને માનવ પર થતા હુમલાઓ રોકી શકાશે, જેને પગલે સ્થાનિક ગ્રામજનોએ પણ મોટી રાહત અનુભવી છે.

# જોળવામાં ગેટ પાસે બેસવા બાબતે પરિવાર પર હુમલો

**લાકડી** અને કડા વડે હુમલો કરનારા ચાર સામે ફરિયાદ

પલસાણા: પલસાણાના જોળવા ગામની સાઈ આંગન સોસાયટીના ગેટ પાસે ગત તા.૨૫ જૂન-૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સાડા નવ વાગ્યાની આસપાસ સોસાયટીના ગેટ પાસે બેઠેલા યુવક અને તેના મિત્ર તરફ જોઈને સોસાયટીના જ કેટલાક ઈસમો હસ્યા હતા. આ બાબતે યુવકે પૂછપરછ કરતાં મામલો બિચક્યો હતો અને ચાર શખ્સોએ ભેગા મળીને યુવક તેમજ તેની વહારે આવેલા તેના સમગ્ર પરિવાર પર લાકડી તથા હાથમાં પહેરેલા કડા વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં આધેડને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં લોહીલુહાણ થયા હતા.

મૂળ મહારાષ્ટ્રના માલેગાંવ અને હાલ પલસાણાના જોળવાની સાઈઆંગન સોસાયટીમાં રહેતા ૪૯ વર્ષીય સુરક્ષાકર્મી ભીમરાવ ધનાજી સંભાજી પેટારેએ પલસાણા પોલીસ સ્ટેશનમાં મૌખિક ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ તેમનો દીકરો નીતિન અને તેનો મિત્ર અર્જુન સોસાયટીના ગેટ પાસે બેઠા હતા. ત્યારે ત્યાંથી પસાર થતા સોસાયટીમાં જ રહેતા દીપક ઉર્ફે સોનુ જીતેન્દ્ર સાળુકે, તુષાર સંજય પાટીલ, મહેશ ભરતભાઈ પાટીલ અને ભરત નામદેવ પાટીલ નામના શખ્સો તેમની સામે જોઈને હસવા લાગ્યા હતા. નીતિન દ્વારા આ અંગે પૂછવામાં આવતાં આરોપીઓએ ઉશ્કેરાઈને ગાળાગાળી કરી તેને ઢીકમુક્કીનો માર માર્યો હતો. આ ઝઘડાની જાણ થતાં જ્યારે ભીમરાવભાઈ, તેમની પત્ની પૂજા, પુત્રીઓ નિકેતા અને સુષ્મા તેમજ નાનો દીકરો નિખિલ ત્યાં પહોંચ્યા અને પૂછપરછ કરી, ત્યારે આરોપીઓએ મહિલાઓ સાથે પણ ઝપાઝપી કરી લાકડી વડે માર માર્યો હતો. દરમિયાન આરોપી મહેશે તેના હાથમાં પહેરેલા કડા વડે ભીમરાવભાઈના માથા પર પ્રહાર કરી ઈજા પહોંચાડી હતી. હાલ પોલીસ દ્વારા ચારેય આરોપીઓ સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# એના નજીક કન્ટેનરે ટેન્કરને ટક્કર મારતાં ચાલકનું મોત

પલસાણા: પલસાણાના એના નજીક કન્ટેનરે ટેન્કરને ટક્કર મારતાં ચાલકનું મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર એના ગામની સીમમાંથી પસાર થતા એક્સપ્રેસ વે પર ૨૬ જૂન-૨૦૨૬ના રોજ વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. દહેજથી કેમિકલ ભરી મહારાષ્ટ્ર જઈ રહેલા ટેન્કર નં.(GJ-27-TD-2177)નો ચાલક ધર્મેન્દ્રકુમાર રામસુરત પટેલ (ઉં.વ.૨૬) (રહે.,યુપી) રોડ સાઈડમાં ટેન્કર ઊભું રાખી ટાયર ચેક કરી રહ્યો હતો. દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલા કન્ટેનર નં.((RJ-27-GD-2914)ના ચાલકે ટેન્કરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટેન્કર ચાલક બંને વાહન વચ્ચે કચડાઈ જતાં ધર્મેન્દ્રકુમારનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જનાર કન્ટેનરના ચાલક અને ક્લીનરને ગંભીર ઈજા થતાં સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. આ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ જે.કે.રાઉલજીએ વધુ તપાસ હાથ ધરી છે.

# માંડવીમાં રૂ.૮.૪૮ કરોડના રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં કરોડો ચૂકવાયા, કામ અધૂરું

**નબળા** બાંધકામ અને કરારભંગ બદલ કોન્ટ્રાક્ટર સામે તપાસની માંગ


હિતેશ પટેલ

માંડવી: માંડવીમાં તાપી નદીના કિનારે બની રહેલા રિવરફ્રન્ટ (ફેઝ-૨) પ્રોજેક્ટમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગંભીર ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

માંડવી પાલિકાની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક નં.૫ અન્વયે આશરે ૩.૮,૪૯,૪૮,૯૯૧ના ખર્ચે આ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ મંજૂર કરાયો હતો, જેનો વર્ક ઓર્ડર તારીખ ૨૬ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ અપાયો હતો. કરારનામાની શરતો મુજબ આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવાની અંતિમ સમયમર્યાદા ૨૫ જૂન-૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી. જો કે, સમયમર્યાદા પૂર્ણ થવાના આરે હોવા છતાં સાઇટ પર માત્ર ૩૫થી ૪૦ ટકા જેટલું જ કામ થયું હોવાનું પદાધિકારીઓની તપાસમાં બહાર આવ્યું છે. કરારનામાની શરત નંબર ૨૪ મુજબ નિર્ધારિત સમયમાં સંપૂર્ણ કામ પૂરું કરવાનું ફરજિયાત હોવા છતાં, કોન્ટ્રાક્ટરે કામ અધૂરું મૂકીને શરતોનો સરેઆમ ભંગ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, સ્થળ પર અડધું કામ પણ થયું નથી તેવા સંજોગોમાં કોન્ટ્રાક્ટર કંપનીને ૩.૪,૫૦,૦૩,૬૭૫ના તોતિંગ બિલનું ચૂકવણું પણ કરી દેવામાં આવ્યું છે.

રિવરફ્રન્ટના રક્ષણ માટે તૈયાર થઈ રહેલી કરોડો રૂપિયાની ‘રિટેઈનિંગ વોલ’નું બાંધકામ તદ્દન ત્રીજા દરજ્જાનું હોવાનું માલૂમ પડ્યું છે. આ રક્ષણાત્મક દીવાલ કાટખૂણે બનાવવામાં આવી નથી તેમજ તેમાં રેતી અને કપચી સાથે સિમેન્ટનું મિશ્રણ ખૂબ જ ઓછું વાપરવામાં આવ્યું છે. બિલ્ડિંગ સાયન્સ અને એન્જિનિયરિંગના સ્થાપિત માપદંડોને નેવે મૂકીને, લોખંડના સળિયાની આસપાસ પૂરતું કોંક્રીટ કવરિંગ કરવામાં આવ્યું નથી, જેના કારણે કાટ ખાવા માટે સળિયા બહાર ખુલ્લા દેખાઈ રહ્યા છે.

આ જોખમી અને અધૂરી બનેલી દીવાલમાં અત્યારથી જ અનેક જગ્યાએ મોટી તિરાડો પડી ગઈ છે, જેને છુપાવવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા ઉપરછલ્લું પેચ વર્ક કરાઈ રહ્યું છે. આ ઉપરાંત સાઇટ પર બાંધકામ માટે રાખવામાં આવેલા રબલ સ્ટોનના ઢગલા પણ હલકી ગુણવત્તાના, કાચા અને સફેદ છાંટવાળા મળી આવ્યા છે. આ ગંભીર ભ્રષ્ટાચાર મામલે માંડવી નગરપાલિકાના જાગૃત સભ્યોએ મુખ્ય અધિકારીને લેખિતમાં રોજકામ સોંપી તાકીદે કડક પગલાં લેવા રજૂઆત કરી છે.

સભ્યોએ માંગ કરી છે કે આ ક્ષતિગ્રસ્ત રીટેઈનિંગ વોલના મોર્ટારના નમૂના લઈ લેબોરેટરીમાં સરકારી ટેસ્ટિંગ કરાવવામાં આવે અને સ્ટ્રક્ચરલ ડિઝાઇનરના નકશા મુજબ યોગ્ય ડાયામીટરના સળિયા વપરાયા છે કે કેમ, તેની કોઈ માન્ય સિવિલ એન્જિનિયર કે સ્ટ્રક્ચરલ ડિઝાઇનર પાસે ‘થર્ડ પાર્ટી ઇન્વેસ્ટિગેશન’ કરાવવામાં આવે. નિયમોનું ઉલ્લંઘન કરનાર અને સરકારી નાણાંનો દુરુપયોગ કરનાર કોન્ટ્રાક્ટર JNP ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામે તાત્કાલિક ધોરણે ફોજદારી કાર્યવાહી કરવા ઉચ્ચ સ્તરે ભારે ભલામણ કરાઈ છે.

**શું કહે છે કોન્ટ્રાક્ટર?**

માંડવી રિવરફ્રન્ટ ફેઝ-2ની કામગીરી અંગે સ્પષ્ટતા કરતા કોન્ટ્રાક્ટર JNP ઇન્ફ્રાસ્ટ્રક્ચરે જણાવ્યું હતું કે, પ્રોજેક્ટનું સમગ્ર કામ ક્વોલિટી કંટ્રોલના ચુસ્ત ધોરણોને અનુસરીને જ કરવામાં આવી રહ્યું છે. SVNIT દ્વારા વોલની ડિઝાઇનમાં ફેરફાર સૂચવવામાં આવ્યો હોવાથી અને ત્યારબાદ સોઇલ ટેસ્ટિંગની પ્રક્રિયા દરમિયાન જ અચાનક વરસાદ આવી જતાં કામગીરીમાં થોડો વિલંબ થયો છે. જો કે, ગુણવત્તા સાથે કોઈ સમજૂતી વિના આગામી કામગીરી સમયસર પૂર્ણ કરવાના પ્રયાસો હાથ ધરાશે.

# બારડોલીમાં હાઈવેના સર્વિસ રોડ પરનાં ગેરેજ જોખમી બન્યાં



**રોડની** બંને બાજુ સમારકામ કરતાં વાહનો પાર્ક થતાં અકસ્માતનો ભય

બારડોલી: બારડોલી-વ્યારા નેશનલ હાઈવે નં.53ના બંને તરફના સર્વિસ રોડની આજુબાજુ આવેલા ગેરેજોમાં સમારકામ માટે આવતાં વાહનો રસ્તા પર જ રિપરિંગ કામ બંધ કરાવવામાં તંત્ર નિષ્ફળ રહેતાં ટ્રાફિકનો પ્રશ્ન યથાવત રહ્યો છે.

અહીંથી મોટા ભાગે કેદારેશ્વર મંદિર, અગાસી માતા મંદિર કે વાલોડ તરફ વાહન ચાલકો જતાં હોય છે. જેઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. અડધો રસ્તો રોકીને વાહનોનું રિપેરિંગ કામ થતું હોય વાહન ચાલકોએ પોતાનું વાહન ક્યાં ચલાવવું તે પણ એક પ્રશ્ન ઊભો થયો છે.

બારડોલીથી વ્યારા જતાં નેશનલ હાઈવે નં.53 પર બારડોલી નજીક કેદારેશ્વર મંદિર અને વાલોડ તરફ જવાના સર્વિસ રોડ પર ઠેર ઠેર ભારે વાહનોના સમારકામ માટેના ગેરેજો આવેલા છે. આ ગેરેજ માલિકોએ ગેરેજમાં વાહન પાર્ક કરવાની જગ્યાએ સમારકામ માટે આવતાં મસમોટા વાહનો રોડ પર જ પાર્ક કરે છે અને ત્યાં તેનું સમારકામ પણ કરે છે. જેના કારણે વાહનો લાંબી લાઈનમાં પાર્ક થઈ જતાં હોય અડધો રોડ રોકાય જાય છે. જેના કારણે વ્યારા તરફથી આવતા અને વ્યારા તરફ જતાં વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને આ રોડનો ઉપયોગ કેદારેશ્વર મહાદેવ મંદિરે અને અગાસી માતાના મંદિરે જતાં ભક્તો ઉપરાંત ખેડૂતો વધુ પ્રમાણમાં અવરજવર કરે છે. તો વાલોડ તરફ જવા માટે પણ વાહન ચાલકોએ આ જ રસ્તાનો ઉપયોગ કરતાં હોય છે. આવા સમયે આ સર્વિસ રોડની બંને બાજુ ગેરેજ ધારકો દ્વારા ટ્રક અને ટેમ્પો પાર્કિંગ કરવામાં આવે છે. એટલું જ નહીં તેનું સમારકામ પણ રસ્તા પર જ થાય છે.

જેને લઈ અકસ્માતો થવાની પણ સંભાવના રહેલી છે અને આના કારણે ભૂતકાળમાં અકસ્માતો થયા હોવાના પણ દાખલા છે. આ અંગે તંત્રને અનેક વખત મૌખિક તેમજ ટેલિફોનિક રજૂઆત કરી હોવાનું પણ વાહન ચાલકો જણાવી રહ્યા છે. જો કે, તેમ છતાં બારડોલી પોલીસ દ્વારા આ તમામ ગેરેજ માલિકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.


Milano MULTIPLEX
બારડોલી
Welcome To The Jungle
10:00am, 12:00pm, 01:30pm, 03:30pm, 05:00pm, 06:45pm, 09:00pm, 10:00pm
Cocktail 2
11:00am, 02:30pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333